## જન્મદિને વધામણી



પ્રભુદાસ એસ રત્નોત્તર
મો. ૯૮૯૮૯ ૮૦૫૯૬



ઈશ્વરભાઈ લાઠીગરા
શ્રી જય અંબે પરિવાર



ડિંપલ દેસાઈ
લાયોનેસ કલબ,
થર્ડ વાઈસ પ્રેસીડેન્ટ





અમદાવાદની જુદી જુદી કોલેજના વિદ્યાર્થીઓએ આજે રાજભવન ખાતે રાજયપાલશ્રી સાથે સ્વૈચ્છિક મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓ દ્વારા રાજયપાલને રસપ્રદ પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ વિવિધ ભાષાઓ, સ્વચ્છતા અભિયાન ઉપરાંત અંગ્રેજી ભાષાને અપાતા પ્રાધાન્ય સંદર્ભે પ્રશ્નો પૂછયા હતા. આ તબક્કે રાજયપાલશ્રી દ્વારા પણ ગાંધીજીને યાદ કરી ભાષાનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રશ્નોત્તરીમાં વિશ્વવારા પટેલ, કુનાલ શાહ, યાસેર ભાવનગરી, અનુજા શર્મા, અભિ છાટબાર સહિતના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

# ચારૂતર વિદ્યામંડળ દ્વારા પંદર દિવસીય તાલિમ શિબિર યોજાયો

ગાંધીનગર, તા. ૯

ચારૂ વિદ્યામંડળ સંચાલિત બીવીએમ ઈંગ્લિશ કોલેજ ખાતે સંયુક્ત ઉપક્રમે ૯ થી ૨૧ મે દરમ્યાન બે અઠવાડિયાની તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.



આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે વી.એમ. પટેલ માનદ સહ મંત્રી સીવીએમ, બી.એમ. નાયક, ડૉ. ડી.જી. ઠાકોર, કાર્યક્રમના કન્વીનર ડૉ. તૃપ્તિ દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાતની વિવિધ એન્જિનીયરીંગ, ફાર્મસી, પોલીટેકનીક તથા અન્ય સંસ્થાઓના ૭૫ અધ્યાપકો ભાગ લઈ રહ્યા છે.

કાર્યક્રમમાં ડૉ. ઈન્દ્રજીત પટેલ દ્વારા મહેમાનોનું શાબ્દીક સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સંસ્થા ખાતે આયોજન કરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓનું ચિતાર રજુ કર્યો હતો. તથા હાલના સંજોગોમાં સમય તથા માનવ સંસાધનની અછતમાં ઈન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજીનો ઉપયોગ કરી શૈક્ષણિક અને વહિવટી કાર્યદક્ષતા કેળવવા માટે આ કાર્યક્રમ દરમ્યાન દેશની નામાંકિત સંસ્થાઓના તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

સંસ્થાના આચાર્ય દ્વારા કાર્યક્રમની મહત્વતા વિશે વિશેષ માહિતી આપી હતી તથા સંસ્થાના સુચારૂ સંચાલન માટે વિવિધ ટેકનોલોજીનો ઉપયોગ કરવા ઉપર વિશેષ ભાર મુક્યો હતો.

કાર્યક્રમના મુખ્ય અતિથી પ્રો. બી.એમ. નાયક દ્વારા બી.વી.એમ. કોલેજને આ પ્રકારના કાર્યક્રમ યોજવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને સંસ્થા સમગ્ર ભારતમાં એક આદર્શ સંસ્થા તરીકે આગળ વધી રહી છે તે અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે ટેકનીકલ એજ્યુકેશનમાં ગુણવત્તા, લીડરશીપ, સુચારૂ સંચાલન તથા ઔદ્યોગિક એકમો સાથેના જોડાણ વિશે વિશેષ માહિતી આપી હતી.

પ્રમુખ સ્થાનેથી વી.એમ. પટેલ દ્વારા આયોજક ટીમને અભિનંદન પાઠવી કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને અધ્યાપકોને આ કાર્યક્રમનો મહત્તમ લાભ લેવા માટે અપીલ કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન ચારૂતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ કરવામાં આવેલ છે. જેમાં સંસ્થાના આચાર્ય, વિભાગીય વડાઓ તથા અધ્યાપકોનો વિશેષ સાથ અને સહકાર મળેલ છે. કાર્યક્રમનું આયોજન ડૉ. ઈન્દ્રજીત પટેલના નેતૃત્વ હેઠળ કન્વીનર ડૉ. તૃપ્તિ દેસાઈ, કોર્ડીનેટર પ્રો. આર.બી. ગાંધી, ડૉ. સીમ્પી, ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડૉ. નમીતા સાઠે, પ્રો. ભગત તથા ટીમના સભ્ય ડૉ. જે.એમ. રાઠોડ, પ્રો. ખંભોળજા. પ્રો. આકાર, જાગૃતિ શાહ, પ્રો. સેવક, પ્રો. ધારા ત્રિવેદી, પ્રો. ચૌહાણ તથા ટીમના અન્ય સદસ્યો દ્વારા કરવામાં આવેલ છે.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રો. આકાર દ્વારા પ્રાર્થના રજુ કરવામાં આવી હતી અને અંતમાં ડૉ. તૃપ્તિ દેસાઈ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ દરમિયાન ડૉ. નીખીલ ઝવેરી, ડાયરેકટર સેમકોમ તથા પ્રો. બી.એમ. નાયક દ્વારા કી-નોટ લેકચર આપવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નમીતા સાઠે દ્વારા કરવામાં આવ્યું હતું.

## કલ્યાણજીના મુવાડા ગામે બુધવારથી વડીલ વિસામાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૯

કલ્યાણજીના મુવાડા રખિયાલ તા. દહેગામ ખાતે વડીલો માટે ઘરડાઘર 'શ્રી સજનબા વડીલ વિસામો' શ્રી મહાત્મા ગાંધી સેવાલય ટ્રસ્ટ સંચાલિત કાયાવરોહણ સ્થિત માનનીય પરમપૂજય શ્રી પ્રીતમ મુનીજી દીપ પ્રાગટ કરી તથા 'આનંદધામ' સાણંદના પરમપૂજય સંતશ્રી આનંદમૂર્તિજી મહારાજ આશીર્ચન આપી તા. ૧૧મી મેના રોજ શુભારંભ કરાશે.

જેમાં વડીલો-વૃદ્ધોને ઘરડાઘર દ્વારા રહેવા જમવાની તમામ સુવિધાઓ વિના મૂલ્યે પુરી પાડવામાં આવશે. ઈચ્છુક વડીલો-વૃદ્ધોએ લાભ લેવા સંપર્ક કરવા જણાવેલ છે. સંસ્થા દ્વારા વડીલને લઈ જવાની વ્યવસ્થા કરાશે. આ માટે મો. ૯૬૭૮૦ ૨૭૯૧૨, ૯૪૦૮૧૫૦૭૨૩/૨૪૫૨ સંપર્ક કરવો.



રૂપાલ ગામ, ગાંધીનગર ખાતે ગાંધીનગર ચાઈલ્ડ લાઈન અને જીલ્લા બાળ સુરક્ષા એકમના સહયોગથી બાળલગ્ન નાબુદી અને બાળ મજુરી પર રેલીનું અયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટા ભાગના ગ્રામ જનો અને જીલ્લા બાદ સુરક્ષા અધિકારી મનોજ બલાદ સાહેબએ હાજરી આપી હતી. રેલીમાં ગામના બાળકો પણ જોડાયા હતા અને ગ્રામ જનોને આ રેલી પાછળનું મહત્વ સમજાય તે હેતુસર રેલી યોજવામાં આવી હતી.

# બોપલમાં યુવા ડૉ.શ્રદ્ધા રાજપુતે વાલ્મિકી પરીવારોની સાથે અનોખી રીતે જન્મ દિવસની ઉજવણી કરી

અમદાવાદ, તા. ૯

સામાન્ય રીતે બોપલ જેવા પોશ વિસ્તારના લોકો પોતાનો જન્મ દિવસ પરિવાર તથા મિત્રોની સાથે હોટેલ કે કલબમાં ઉજવવાનું પસંદ કરતા હોય છે. પરંતુ બોપલના એક યુવા ડોક્ટર શ્રધ્ધા રાજપુતે સમરતાનો સંદેશ ફેવાવવાના ઉમદા હેતુથી પોતાનો જન્મ દિવસ પરિવાર કે મિત્રોની સાથે ઉજવવાના બદલે સાંજના સમયે વાલ્મીકી વાસમાં જઈને વાલ્મીકી પરીવારોની સાથે ઉજવ્યો હતો અને સમાજમાં સમરસતાનું એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યુ હતુ. વાલ્મીકી સમાજના બાળકોની વચ્ચે કેક કાપીને જન્મ દિવસ ઉજવ્યા પછી સાથે બેસીને ભોજન કર્યુ હતુ. આ ઉપરાંત સવારે ગાયત્રી પરીવાર દ્વારા આયોજીત સમુહ લગ્નમાં જઈને બેટી બચાવો, બેટી પઢાઓનો સંદેશ ડો.શ્રધ્ધા રાજપુત દ્વારા આપવામાં આવ્યો હતો.

અમદાવાદ ગ્રામ્ય જિલ્લા ભારતીય જનતા પાટીના મંત્રી ડૉ.શ્રધ્ધા રાજપુતે જણાવ્યુ હતુ કે, અમદાવાદ ગ્રામ્ય જિલ્લાકક્ષાની પ્રથમ માર્ગદર્શન મીટીંગમાં ભારતીય



જનતા પાટીના અગ્રણીઓ તથા જિલ્લા પ્રમુખ આર.સી. પટેલ દ્વારા આપવામાં આવેલા માર્ગદર્શન અનુસાર ભારતીય જનતા પાટીની સમરસતાની વિચારધારા પ્રમાણે મારો જન્મ દિવસ બોપલમાં આવેલા વાલ્મીકી વાસમાં જઈને વાલ્મીકી પરીવારો સાથે ઉજવ્યો હતો. ૧૫૦ થી વધુ લોકોની ઉપસ્થીતિમાં જન્મ દિવસ ઉજવણી કરવામાં આવી અને વાલ્મીકી પરીવારોની સાથે સામુહિક ભોજન કરવામાં આવ્યુ હતુ. જન્મ દિવસની ઉજવણીની સાથે સાથે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતી માતૃબાળ કલ્યાણ યોજનાઓ જેવીકે જનની સુરક્ષા યોજના, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ, સંપુર્ણ રસીકરણ, મુખ્યમંત્રી અમૃતમ યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના વિશે વિગતવાર સમજ આપવામાં આવી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
૧૯૨૦ લંડન
૧૨.૩૦, ૫.૧૫, ૭.૪૫
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૩.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
કૅપ્ટન અમેરિકા (૩ડી હિન્દી)
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
કૅપ્ટન અમેરિકા (૩ડી અંગ્રેજી)
૧૦.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૪**
બાગી
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
ટ્રાફિક
૫.૧૫
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૧૦.૦૦, ૧૨.૪૫, ૭.૩૦
૧૯૨૦ લંડન
૨.૪૫, ૧૦.૦૦

## બલરાજ મધોક સાચા રાષ્ટ્રભકત હતા : બિહારીલાલ શર્મા

ગાંધીનગર, તા.૯

સ્વ. બલરાજ મધોકજીને શ્રદ્ધાંજલિ આપવા અમદાવાદમાં અખિલ ભારતીય જનસંઘની ગુજરાતના હોદ્દેદારોની બેઠક અધ્યક્ષશ્રી ગોપાલભાઈ પટેલના નેતૃત્વમાં મળી હતી. ઉપાધ્યક્ષશ્રી પ્રવિણચંદ્ર વ્યાસ અને મહામંત્રીશ્રી બિહારીલાલ શર્મા સહિત હોદ્દેદારોએ બલરાજ મધોજીએ દેશ માટે જે કાર્યો કર્યા હતા તે માટે શ્રદ્ધાંજલિ આપી હતી. મહામંત્રીશ્રી બિહારીલાલ શર્માએ શોક પ્રસ્તાવ રજૂ કરેલ હતો. ભારતે એક મહાન રાષ્ટ્રભકત, રાષ્ટ્રચિંતક અને શ્રેષ્ઠ વિચારક ગુમાવી દીધો છે જે ભારત રત્નને લાયક છે તેની ઘોર ઉપેક્ષા કરી છે.

અધ્યક્ષશ્રી ગોપાલભાઈ પટેલ, ઉપાધ્યક્ષશ્રી પ્રવિણચંદ્ર વ્યાસે મધોકની રાષ્ટ્રપ્રેમ અંગેની ભાવનાઓ વિચારોમાં વ્યકત કરી જણાવ્યું હતું કે સ્વ. બલરાજ મધોકનું યોગદાન હંમેશા યાદ રહેશે.

# ભાવિ પેઢીને કંઇક એવું મળવું જોઈએ કે, તેને થાય કે મારે મરવું નહી, જીવવું છે!





એક ઉત્તમ માણસના નિર્માણ,ઘડતરનું કાર્ય શિક્ષણ-કેળવણી દ્વારા થવું જોઈએ.કેળવણી ઉન્નત અને બહેતર જીવનની ઘોષણા કરે છે.ટૂંકમાં કહેવું હોય તો,શિક્ષણ ઉત્તમપણે જીવવા માટે છે,નહી કે મરવા માટે !

પરંતુ આજે શિક્ષણ એ મરવા, આત્મહત્યાનું કારણ બનવા લાગ્યું છે !

જેમને હજુ ભરપૂર જીવવાનું છે,આકાશે ઉડવાનું..તેવું યુવાધન ઉગતા સાથે આથમી જાય..સૌ માટે ચિંતા ને ચિંતનનો વિષય છે. વાલી,શિક્ષક કે એક નાગરિક તરીકે આત્મમંથન કરવાનો સમય પાકી ગયો છે.

આ અનુસંધાને રાજભવનમાં 'જનજાગૃતિ પરિસંવાદ'યોજાઈ ગયો.તેનો મુખ્ય વિષય હતો : તણાવ મુક્તિ અને ચારિર્ત્ય નિર્માણ.

ગુજરાતના સન્માનીય રાજયપાલશ્રી ઓ.પી.કોહલીએ વિદ્યાર્થીઓની આત્મહત્યાના ન્યુઝ વાંચ્યા અને એક સંવેદનશીલ શિક્ષકનું હૃદય દ્રવી ઉઠ્યું. તેઓશ્રીએ માન.મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલ તથા માન. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને પત્રો પાઠવ્યાને તેના પરિપાકરૂપ આ પરિસંવાદનું આયોજન થયું હતું.

ગુજરાત સાહિત્ય અકાદમી,ગાંધીનગર દ્વારા ગુજરાતના પત્રકારો, સાહિત્યકારો,લોકકલાકારો, સંગીત-નાટ્યકારો તેમજ કલાજગતના સર્વ પ્રસિદ્ધ કલાકારોને આમંત્રિત કરવામાં આવ્યા હતા.મોટી સંખ્યામાં ઉપસ્થિત સર્વને આવકારતા મૂળભુત શિક્ષક એવા માન.શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે,આત્મ વિશ્વાસનો ઉકેલ શું ? બાળક માં-બાપનો ઠપકો સહન ન કરી શકે અને માં-બાપ બાળકની વેદના સમજી ન શકે,સંવેદના ન સર્જાય... આ તનાવયુક્ત સ્થિતિમાંથી બાળકોને બહાર લાવવાની જવાબદારી સમાજની છે. લેખકો ની કલમ અને કલાકારોની કલા-વાણીમાં, સાચી દિશા દેખાડવાની તાકાત રહેલી હોય છે.

રાજશાહીમાં કવિ-કલાકારોને આમ બોલાવવામાં આવતા,આ ઐતિહાસિક ઘટના છે.ગુજરાતના ઉત્તમ વક્તાઓમાં જેમની ગણના થાય છે તેવા માન.શ્રી પુરસોત્તમ રૂપાલાએ આગવી કાઠિયાવાડી શૈલીમાં જણાવ્યું હતું કે, ગણમાન્ય વકતાઓએ આ સંવેદનશીલ બાબતને એડ્રેસ કરવી. સંતોષ શબ્દ અદશ્ય થઈ ગયો છે. પહેલા બીજાઓનું ભળી રાજી થતો,હવે આપઘાત કરે છે. વાલી-વિદ્યાથીઓના લક્ષ ફરી ગયા છે. વકતાઓને પર ભાર મૂકતા કહ્યું,ઓડીયન્સ સામે રાષ્ટ્રને ગૌરવ અપાવે તેવી વાતો મુકવી.ખમીર,ખાનદાની જેવા મુલ્યો સાથે વાલી-શિક્ષકોને લક્ષ બનાવવામા આવે તો સારું પરિણામ સંભવી શકે છે.

જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત સાહિત્યકારશ્રી રઘુવીર ચૌધરીએ કવિતાપાઠ સાથે, આ વિષયમાં પહેલા માતા અને પછી શિક્ષકનું સ્થાન આવે છે.વધારે પડતા રક્ષણના લીધે ક્યાંય શિક્ષકોએ બગાડ્યું છે. લેખકોનો લોક સાથેનો સંપર્ક તૂટી ગયો છે.સુપ્રસિદ્ધ લોકસાહિત્યકાર પદ્મશ્રી ભીખુદાન ગઢવીએ,મોજમાં રે'વું ...એમ કહી,લોકસાહિત્ય હાઈવે છે.કલાકારોની વાત લોકો માને છે.માર્મિક વાતો સાથે આ અદભૂત દુનિયા છે. જે હાથમાં હોવી જોઈએ.

પરિસંવાદના વિષયને ન્યાય આપતા વરિષ્ઠ પત્રકાર,પદ્મશ્રી દેવેન્દ્ર પટેલે કહ્યું હતું કે,બાળકો કરતા વાલી-શિક્ષકોને સમજણ આપવી જરૂરી છે. પરીક્ષાનો હાઉ, ટેન્શન...સાથે મેમરી ટેસ્ટ આવ્યા. બાળકોની અભિરુચિ અને અભિયોગ્યતા જાણવી જોઈએ.

બાળકોને સમજાવો નહી પણ તેને સમજો.વિચાર અને કાર્ય વચ્ચે અંતર છે તેનો સેતુ બાંધો.માર્મિક- હાસ્યવાણીના અનોખા કલાકાર શ્રી શાહબુદ્દીન રાઠોડે એક શિક્ષક તરીકે બાળકોને ચાહવાની ટકોર કરી હતી.

**પ્રસંગસર**
**રાઘવજી માધડ**

નવગુજરાત ટાઈમ્સના તંત્રીશ્રી અજય ઉમટે માં-બાપ અંગ્રેજી માધ્યમમાં ભણ્યા છતાં પોતે ગુજ રાતી માધ્યમમાં ભણ્યા.માતૃભાષાના માધ્યમ પર ભાર મૂકતા કહ્યું હતુ કે,જ્યાં જાવ ત્યાં ટોચ, ટોપ પર જાવ.

લોકસાહિત્યકાર શ્રી માયાભાઈ આહિરે, વિદ્યાર્થીઓ આપઘાત ન કરે તેની સમજ આપતી એક શોર્ટ મુવી તૈયાર કરી છે તેની વિગત આપતા કહ્યું કે, મરવા માટે ભણવું પડે તો, જીવવા માટે કેમ નહી !?

આત્મહત્યા કારણો માત્ર શિક્ષણ જ નથી. કમ્યુનિકેશન ગેપ સાથે માનસિક તંદુરસ્તી પણ જવાબદાર છે. સ્કીલ-નોલેજનો સમન્વય થવો જોઈએ એવું રેડિયો મિર્ચીમાંથી શ્રી દેવકીએ જણાવ્યું હતું.આ વાતની પૂરતા કરતા મનોચિકિત્સક ડૉ.પ્રશાંત ભીમાણીએ ભારપૂર્વક કહ્યું હતુ કે,વિજ્ઞાન વગર આનો ઉકેલ નહી આવે. માનસિક રોગની સારવાર કરવી પડશે. વ્યક્તિના અંદરથી બદલાવ આવવો જોઈએ.

હાસ્યકાર, શિક્ષક શ્રી સાંઈરામ દવે એક અસરકારક વાટ મૂકી કે, શાળાઓના સંચાલકોએ જાહેરાત આપવી જોઈએ-અમારી સ્કુલમાં ભણનારો કોઈ આપઘાત નહી કરે ! મારા કોઈ વિદ્યાથીએ આપઘાત નથી કર્યો.... ડૉ.મહેબુબ દેસાઈએ ગૌરવ સાથે કહ્યું.નાટ્યકાર યઝદી કરંજીયાએ મુક્ત હાસ્ય પર ભાર મુક્યો. કવિશ્રી માધવ રામાનુજ અશ્રુ સાથે કહ્યું કે,હું મારી દીકરીને બચાવી ન શક્યો પણ આ પ્રયત્નથી લાખો દીકરીઓ બચી જશે.

આ સંવેદનશીલ વિષયના સંકલનકર્તા જાણીતા લોકસાહિત્યકાર અને ગુજરાત સંગીત-નાટક અકા દમીના અધ્યક્ષશ્રી યોગેશ ગઢવીએ આ વિષયને સહજતાથી મુકવાની વાત કરતા કહ્યું કે, આપણે બાળકોનું બાળપણ છીનવી લીધું છે તેનું આ પરિણામ ભોગવી રહ્યા છીએ.

સપના ઉધાર આપી ન શકાય વાલીઓ આવું કરે છે...જેઓના વિચારબીજથી આ વૃક્ષ પાંગર્યું હતું તે મહામહિમશ્રી ઓ.પી.કોહલીએ શિક્ષણ અંગે અસરકારક વાતો કહી હતી.ખરા અર્થમાં સાચા શિક્ષક છે.રાજ ભવનમાં સેવારત વર્ગ ચારના કર્મચારીઓના બાળકોને મહામહિમ અંગ્રેજીનો અભ્યાસ કરાવે છે.તેઓએ અગાઉના એક કાર્યક્રમ મુજબ અહીં પણ કહ્યું હતું કે,ગુજરાતમાં ટ્યુશનપ્રથા બહુ છે તેના પરિણામ સારા નહી આવે.સ્કુલમાં આનંદ આવવો જોઈએ.પરીક્ષા,શિક્ષણમાંથી આતંક-ભય કાઢવો જોઈએ.પરીક્ષાકેન્દ્રમાં લગા વેલા સીસીટીવી કેમેરાથી બાળક શું આત્મસાત કરશે?વેધક સવાલો સાથે જણાવ્યું હતું કે,બાળક સાથે સંવાદ સધાવો જોઈએ. સંવાદથી અંતરની ગાંઠો છૂટી જાય છે. આવી વાતો સાથે વિષયને સાર્થક કર્યો હતો.

આ પરિસંવાદમાં ગુજરાતભરમાંથી અનેક કવિ-સાહિત્યકારો,વરિષ્ઠ પત્રકારો, કોલમ લેખકો, નાટ્ય-સંગીત-લોકકલાકારો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આ વિષય માટે કશુંક કરી છૂટવાની તત્પરતા દાખવી હતી.સમય મર્યાદાના લીધે સર્વને પોતાના વિચારો રજુ કરવાનું શક્ય બન્યું ન હતું પણ લેખિતમાં સૂચનો આપ્યા હતા.આમ ટૂંકી મુદ્દતના નિમંત્રણને માન આપી બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કલમ-કલા-કસબીઓ એ પોતાનો આપદધર્મ નિભાવ્યાની સુખદ નોંધ લેવી ઘટે.

આ પરિસંવાદમાં માન.મંત્રીશ્રી વસુબહેન ત્રિવેદી તથા માન.મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી તેમજ અન્ય ને અનન્ય મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ સોનામાં સુગંધ ભળવા સમાન રહી હતી

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ગુજરાત સાહિત્ય અકાદમી,ગાંધીનગરના અધ્યક્ષ અને કવિશ્રી ભાગ્યેશ જહાએ કાવ્યાત્મક રીતે રજુ કરી, સાહિત્ય તરબોળ કર્યા હતા.

ખાસ કરી શિક્ષિત વાલીઓ અને તેમાં પણ માતાને દેખાદેખીને બીજા બાળક સાથેની સરખામણીનો મોહ વધુ પજવતો હોય છે.વાલીએ મનથી ઉભા ને જાહેર કરેલા મેરીટના ડરના લીધે વિદ્યાથીઓ આપઘાત કર્યાના બનાવો છે. બીજું કે સૌને પોતાનું સંતાન ડોક્ટર,એન્જિનિયર બની ધનવાન થાય તેમાં રસ હોય પણ ખાનદાન થાય તેમાં નહી ! સાયન્સ સિવાયના પ્રવાહમાંપણ સારુ ભણીને જીવી શકાય છે. અંતેતો આ બધું જ જીવવા માટે છે, નહી કે મરવા માટે !

આપણા પાસેથી ભાવિ પેઢીને કંઈક એવું મળવું જોઈએ કે, તેને થાય કે મારે મરવું નહી, જીવવું છે!